
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# SHREE ATMANAND PRAKASH



પુસ્તક : ૯૬ ⊠ અંક ૯-૧૦

દ્વિ. જેઠ-અષાડ-શ્રાવણ
જુલાઇ-ઓગસ્ટ : ૯૯

⊠ આત્મ સંવત : ૧૦૩ ⊠
卐
⊠ વીર સંવત : ૨૫૨૫ ⊠
卐
⊠ વિક્રમ સંવત : ૨૦૫૫ ⊠

सर्वे सुखोबुभूषन्ति प्रयतन्ते च तत्कृते ।
परन्तु दुःखिनः सन्ति सत्यमार्गविवर्जनात् ।।

બધા સુખી થવા ઇચ્છે છે અને તે માટે પ્રયત્ન કરે છે, પણ
એમ છતાં દુઃખી છે, કેમ કે સુખનો ખરો માર્ગ છોડીને
અવળે રસ્તે ચાલે છે.

All wish and try to be happy, yet are unhappy,
because they deviate from the right path
leading to happiness.

(કલ્યાણભારતી ચેપ્ટર-૭ : ગાથા-૧ * પૃષ્ઠ ૧૫૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | પર્વ પર્યુષણ (કાવ્ય) .... .... .... | .... પ્રેષક : મુકેશ સરવૈયા | ૬૫ |
| (૨) | પર્યુષણ પર્વ એટલે આત્મ શુદ્ધિનું પર્વ સાધકો માટે મંગળ મહોત્સવ .... .... .... | ....મહેન્દ્ર પુનાતર | ૬૬ |
| (૩) | શ્રી જૈન આત્માનંદ સભાનો તળાજા યાત્રા પ્રવાસ .... | .... .... | ૭૦ |
| (૪) | શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તિર્થ–હરદ્વારમાં મુનિરાજ શ્રી જંબૂવિજયજી મ. સા.નો ભવ્ય પ્રવેશ | .... — | ૭૨ |
| (૫) | પૂ. શ્રી જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો (ગતાંકથી ચાલુ * હપ્તો : ૧૪ મો) | .... — | ૭૩ |
| (૬) | મંત્રનો પ્રભાવ .... .... .... .... .... | .... ધૂની માંડલિયા | ૭૭ |
| (૭) | સવાસો વર્ષ પહેલા થયેલા મહાન યોગી પુરૂષ શ્રી ચિદાનંદજી મહારાજના મુખ વચનો | સંગ્રાહક : મોતીલાલ નરોત્તમદાસ કાપડીયા | ૭૯ |
| (૮) | શ્રી સી. એન. સંઘવીને મળેલો અમેરિકાની પ્રતિષ્ઠિત સંસ્થા "જૈના"નો પ્રેશીડેન્સીયલ એવોર્ડ .... .... .... | — | ટા. પે.–૩ |


**આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી**

## શ્રી બિપીન શાંતિલાલ શાહ (શાહ એન્ટરપ્રાઇઝવાળા) મુંબઇ




શ્રી આત્માનંદ પ્રકાશના પ્રકાશન કાર્યમાં કોઇપણ આત્માને અમારાથી જાણે–અજાણે હાનિ થઇ હોઇ કે કોઇનું દિલ દુભાવ્યું હોય તો **સંવત્સરિ**ના આ મહાન પર્વે ખરા હૃદયથી અંતઃકરણપૂર્વક સર્વેની ક્ષમાયાચના કરીએ છીએ....

—શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ




## 卐 પર્વ પર્યુષણ 卐

પર્વ પર્યુષણ! પધારો, શાંતિનો સંદેશ દો;
વૈરથી ભયગ્રસ્ત જગને, પ્રેમનો પયગામ દો.

મંદિરો, ઉપાશ્રયો ને સ્થાનકેથી નીકળી;
સ્થાન જનના હૃદયમાં લો, આશ પૂરો અવનવી.

મૃતપ્રાય માનવતા થઇ, ફેલાઇ દાનવતા બધે;
મૈત્રી, કરૂણા, શુભ ભાવના, આવતા નથી દૃષ્ટિએ.

આવા વિકટ સંયોગમાં, તમ આગમન છે સાંત્વના;
દાનવી હૃદયો બદલ દો, એ જ છે અભ્યર્થના.

શક્તિનો–વિજ્ઞાનનો, જડવાદ વધતો જાય છે;
ભાન ભૂલી તે તરફ, અજ્ઞાની જન ખેંચાય છે.

નાશ કરી જડવાદનો, દીપ જ્ઞાનનો પ્રગટાવજો;
ત્યાગને તપથી જગતને, શિવ માર્ગે દોરજો.

'જીવું અને જીવાડું'' એ નથી ધર્મ હિતકારી જગે;
'જીવાડું ને જીવું'' જ સાચો ધર્મ ભગવંતો કહે.

એ સનાતન શાશ્વત સત્ય, જન હૃદયમાં સ્થાપજો;
પર્વ પર્યુષણ પધારો! વિશ્વનું કલ્યાણ હો!

પ્રેષક : **મુકેશ સરવૈયા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પર્યુષણ પર્વ એટલે આત્મશુદ્ધિનું પર્વ સાધકો માટે મંગળ મહોત્સવ

—મહેન્દ્ર પુનાતર

[ મુંબઈ સમાચાર દૈનિકના તા. ૨૪-૮-૯૭ના અંકમાંથી સાભાર.... ]

પર્યુષણ પર્વ એટલે જાગૃતિનું, ચેતનાનું, સાધનાનું પર્વ. જીવન અને ધર્મમાં સતત જાગૃતિની જરૂર છે. પ્રમાદ ન સેવાય તેનો ખાસ ખ્યાલ રાખવાનો છે. ધર્મ સાગર જેટલો ઊંડો અને આકાશ જેટલો વિશાળ છે, તેની કોઇ સીમા નથી. અનેક ક્રિયાઓથી તે વ્યાપ્ત છે. અહિંસા, તપ, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, અનુકંપા, દયા, કરુણા, વિનય, મૈત્રી અને ક્ષમા એ તેના જુદા જુદા સ્વરૂપો છે. પ્રેમ, ક્ષમા અને પવિત્રતાનું આ પર્વ છે. આમાં સૌએ બની શકે તેટલી ધર્મ આરાધના કરીને, મનને નિર્મળ બનાવીને, ભીતરની ચેતનાને જગાવીને અંતરમનમાં ડોકીયું કરવાનું છે અને કર્મના બંધનોને ક્ષીણ કરવાના છે. સાધકો અને આરાધકો માટે આ મહામંગળ મહોત્સવનો પ્રસંગ છે.

જૈનધર્મ ક્ષમા, સમભાવ અને સહિષ્ણુતાના પાયા પર અડીખમ રીતે ઊભો છે. આ સત્ત્વને ટકાવી રાખવા માટેના પ્રયાસો કરીએ અને ધર્મના સિદ્ધાંતોને આચરણમાં મૂકીએ તો ધર્મને પામી શકાય છે.

અહિંસા એ જૈન ધર્મનો પાયો છે. આ પાયા પર ધર્મ ટકી રહ્યો છે. સૂક્ષ્મ સ્વરૂપે અહીં અહિંસાનો ખ્યાલ કરવામાં આવ્યો છે. પોતાના થકી મન, વચન અને કાયાએ કરીને કોઇને કશું દુઃખ ન પહોંચે એવા પ્રયાસો કરવાના છે એટલું જ નહીં પરંતુ પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ, દયા અને કરુણા રાખવાની છે. અહિંસાનું આટલું સૂક્ષ્મ સ્વરૂપ કોઈ ધર્મે બતાવ્યું નથી. અહિંસાના મૂળમાં પ્રેમનું તત્ત્વ રહેલું છે પ્રેમ, દયા અને કરુણા હોય તો માણસ કદિ પણ હિંસા કરી શકે નહીં. આવો સાત્ત્વિક પ્રેમ જો મનુષ્યના હૃદયમાંથી પ્રગટે તો માન, માયા, ક્રોધ, અભિમાન એની મેળે દૂર થઇ જાય.

## અહિંસા જૈન ધર્મનો પ્રાણ છે અને ક્ષમા તેનું હાર્દ છે

આપણું જીવન માન, માયા, લોભ, ક્રોધ, રાગ-દ્વેષ, તૃષ્ણા અને લાલસાથી ભરેલું છે. આ બધા કષાયો આપણને અંધકાર તરફ ધકેલી રહ્યા છે. મનને નિર્મળ અને શુદ્ધ બનાવીને કષાયો પર વિજય મેળવવાનો છે. જે પોતાની જાત પર વિજય મેળવે છે તે ખરો વિજેતા છે. અનિષ્ટોને દૂર કરવા માટે મનુષ્યે પોતાની જાત સામે લડવાનું હોય છે.

જૈનધર્મના ઉદાત સિદ્ધાંતો છે અને તેમાં નિરૂપાયેલી ભાવના અજોડ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય અને તપ એ ચાર તેના સ્તંભ છે. અહિંસા તેનો પ્રાણ છે અને ક્ષમા તેનું હાર્દ છે. સારા વિચારો અને કર્મો કદિ ખરાબ પરિણામ લાવતા નથી. તે જ રીતે ખરાબ વિચારો કદિ સારી અસર ઉભી કરી શકતા નથી માણસ આ નિયમ જાણવા છતાં માનસિક અને નૈતિક બાબતમાં તેનો અમલ કરી શકતો નથી એ તેનું દુર્ભાગ્ય છે. માણસ નકામી બાબતોમાં દુઃખી થવા માંડે તો તેનો અર્થ એ થયો કે તે ખોટી દિશામાં જઇ રહ્યો છે અને માનસિક સંવાદિતા ગુમાવી રહ્યો છે. માણસ કોઇ ખોટું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામ કરે નહીં અને પ્રભુની આજ્ઞાને ઉથાપે નહીં તો તેને કશાથી ડરવાનું નથી. માણસને જ્યારે પશ્ચાતાપ થાય ત્યારે એ ઉત્તમ ક્ષણ છે. અંતઃકરણમાં આવી ભાવના ઊભી થાય ત્યારે માણસ પોતાની જાતને શુદ્ધ કરી શકે છે.

આ માનવદેહ ઘણા પુણ્ય પછી મળ્યો છે. આવું દિવ્ય જીવન મળ્યા પછી તેનો સદ્‌ઉપયોગ થવો જોઇએ. આમ ન થાય તો જીવન એળે ગયું ગણાય. આપણને મનુષ્ય જન્મ મળ્યો છે પરંતુ મનુષ્યતા મળી નથી. ધર્મદ્વારા આપણે મનુષ્યતા મેળવીને જીવનને ઉર્ધ્વગામી બનાવવાનું છે. જન્મથી મૃત્યુ સુધીની યાત્રામાં મનુષ્યતા પ્રગટ થવી જોઇએ. ધર્મ આપણને મનુષ્ય બનતા શીખવે છે, બાકી તો પશુ પણ જીવન જીવે છે. જીવન જીવવાનું બહુ મહત્ત્વ નથી. પરંતુ જાગૃતિપૂર્વક-ચેતનાપૂર્વક જીવવાનું મહત્ત્વ છે. જીવન જેટલું સત્ય અને નીતિથી જીવાય, પ્રમાણિકતાથી જીવાય, રાગ-દ્વેષ રહિત જીવાય, પ્રભુભક્તિ અને સાધનાપૂર્વક જીવાય તેનું મહત્ત્વ છે સદાચાર રહિત જીવન એ જીવન નથી પરંતુ મૃત્યુ છે. એમાં માત્ર શ્વાસ ધબકે છે, જીવન ધબકતું નથી.

## જે માણસ મનને વશમાં રાખી શકે તે પાપમાંથી બચી શકે

પર્યુષણ પર્વ ધર્મ આરાધનાનો મંગલ અવસર છે પરંતુ આ પર્વની જે મૂળભૂત ભાવના છે તેને મોટા ભાગના લોકો સમજતા નથી. ગાડરિયા પ્રવાહની જેમ તણાતા રહે છે. જે કાંઇ કરે છે તે યંત્રવત કરે છે. એમાં અંતરની ભાવના હોતી નથી. અંતરના ભાવ વગરની ભક્તિ એ સાચી ભક્તિ નથી. પર્યુષણ પર્વ દરમિયાન અંતરને ઢંઢોળવું જરૂરી છે. મનની અંદર રાગ-દ્વેષ, માન-અભિમાન અને પૂર્વગ્રહના જે જાળાંઓ ગુંથાઇ રહ્યા છે તેને દૂર કરવાના છે. મનની અંદર મેલ હોય, કચરો હોય તો તેની અંદર ધર્મ પ્રવેશ કરી શકે નહીં. શરીર અને મનની શુદ્ધિનું આ પર્વ છે.

## ધર્મથી શું મળશે તેના કરતાં શું છૂટશે એનો વિચાર કરવાનો છે

પ્રભુભક્તિ અને સાધના દ્વારા પરમતત્ત્વને પામી શકાય છે પરંતુ મન આમાં લીન થવું જોઇએ પ્રભુ સમક્ષ હાથ જોડીને ઊભા હોઇએ પરંતુ મન બહાર કયાંય ભટકતું હોય તો તે ભક્તિ નથી. આ માટે એકાગ્રતા અને મનની સ્થિરતા જરૂરી છે. મન, વચન અને કર્મ ઉપશાંત મનનો ભાવ આનો માપદંડ છે. મન જો વિષયમાં આસક્ત હોય તો માણસ ગમે તેટલા પ્રયાસો કરે પણ બોધ થતો નથી. મન જ માણસને ભટકાવે છે દુઃખનું મૂળ ઇચ્છાઓ અને તૃષ્ણા છે. આ માટેની દોટ અશાંતિ અને અસંતોષ ઊભો કરે છે. ઇચ્છાની કદિ પરિતૃપ્તિ થતી નથી. ગમે તેટલું પ્રાપ્ત થાય તો પણ અસંતોષના અગ્નિમાં જીવન જલતું રહે છે. જીવનમાં સુખ અને દુઃખ મનના કારણ છે. મન સ્પર્ધા અને સરખામણી કરાવે છે. મન લોભ અને લાલસામાં ડુબાવે છે અને માનસિક તાણ સર્જે છે. મન ચંચળ છે, તેને વશમાં રાખવાનું મુશ્કેલ છે. પર્યુષણ પર્વમાં ભક્તિ અને સાધના દ્વારા મનને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરવાનો છે. મન બગડે તો વર્તન બગડે છે. જે માણસ મનને વશમાં રાખી શકે છે તે પાપમાંથી બચી શકે છે.

## જન્મથી મૃત્યુ સુધીની યાત્રામાં મનુષ્યતા પ્રગટે એ જ સાચું જીવન

જૈનધર્મમાં ત્યાગ અને તપશ્ચર્યાનું ખૂબ જ મહત્ત્વ છે. ત્યાગ અને તપ વગર રાગ દૂર થાય નહીં. જેના વડે ક્ષમા પ્રગટે, સંતોષ પ્રગટે, વૈરાગ્ય પ્રગટે અને જેના વડે સિદ્ધત્વ પ્રગટે એનું નામ સાધના. આવી સાધના એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપશ્ચર્યા. તપ દ્વારા કષાયો પર વિજય મેળવવાનો છે. જેમ શરીરની સફાઈ માટે સ્નાન કરીએ, મેલ કાઢીએ તેમ મનની સફાઈ માટે આંતરધ્યાન કરવાનું છે. આ આંતરધ્યાન એટલે તપશ્ચર્યા. ઉપવાસ એટલે માત્ર અનશન કે અન્નનો ત્યાગ નથી. આ અંતરમાં ઉતરવાની અને અંતરને તપાસવાની સાધના છે. તપમાં મન સ્થિર અને શાંત થવું જોઈએ. મન, વચન અને કાયાને અંકુશમાં રાખવાનો આ આયામ છે. મન જ્યાં સુધી સ્થિર ન હોય ત્યાં સુધી પ્રભુ ભક્તિ અને સાધના શક્ય નથી. તપથી વાણી અને વર્તન પર અંકુશ આવે છે. વાણી અને વર્તન એ વિચારોનું પ્રતિબિંબ છે, કાર્ય એ વિચારોનું બીજ છે અને સ્વરૂપ એ વિચારોનું દર્પણ છે. આંખો એ વિચારોનો પ્રકાશ છે અને નમ્રતા એ વિચારોની સરળતા છે. આ જીવનની સાધના છે. અંધકારમાંથી પ્રકાશ તરફ જવાનો માર્ગ છે.

ધર્મ પાસેથી સંસારના સુખો મેળવવાની ઇચ્છા રખાય નહીં. ધર્મ કરવાથી શું મળશે તેનો વિચાર કરવાનો નથી. શું છૂટશે તેનો જ માત્ર વિચાર કરવાનો છે. મેળવવા કરતાં છોડવાની વાત વધુ મહત્ત્વની છે. જીવનમાં પ્રાપ્તિ કરતા ત્યાગનું વધુ મહત્ત્વ છે. સત્ય, ધર્મ અને નીતિના માર્ગે જે ચાલે છે તેનું જીવન સુખમય બને છે. સત્ય પર અસત્ય વિજયી નીવડે અને અનીતિ સાફલ્યને વરે તો પણ એ વિજય અને સફળતા ક્ષણજીવી નીવડશે, લાંબુ ટકશે નહીં અને તેનો અંત દુઃખમાં પરિણમશે.

પર્યુષણ પર્વ એ જીવનનું સરવૈયું કાઢવાનો સમય છે માણસ જેમ હિસાબમાં નફા-તોટાનો ખ્યાલ કરે તેમ માણસે વિચારવાનું છે કે મેં જીવનને સુધારવા માટે શું કર્યું ? આંતરમનને વિકસિત કરવાનો આ સુંદર અવસર છે.

જેના મનમાં કામ છે, જેણે ક્રોધ પર વિજય મેળવ્યો નથી, જે લોભ, મોહ અને માયામાં ફસાયેલો છે તે બંધનમાં છે. ક્રોધ વંટોળિયા જેવો છે. એનાથી વિનય અને વિવેકરૂપી વૃક્ષોનો વિનાશ થાય છે. ક્રોધ એ ક્ષણિક ગાંડપણ છે. એમાં વાણીનો સંયમ તૂટી જાય છે અને માણસ ન કરવાનું કરી બેસે છે. જો અહંકાર અને અભિમાન ન હોય, રાગ અને દ્વેષ ન હોય તો ક્રોધ પ્રગટે નહીં. પ્રેમ અને ક્ષમા એ ક્રોધને શમાવવા માટેની અમોલ ઔષધી છે. ક્રોધ એ હિંસાનું સૂક્ષ્મ સ્વરૂપ છે. તપશ્ચર્યા દ્વારા અહંકારને અને મનની અંદરના ઉપદ્રવને દૂર કરી શકાય છે. તપ દ્વારા જો મન શાંત ન થાય અને મન ભટકતું રહે તો એ સાચી તપશ્ચર્યા અને સાધના નથી.

વિચાર અને વાણીમાં શુદ્ધતા, ખોટું વિચારવું નહીં, ખોટું બોલવું નહીં, ઉત્તેજક પદાર્થો ત્યજવા, કોઈને નુકશાન–હાનિ પહોંચાડવી નહીં. આપણું ધાર્યું ન થાય તો પણ ગુસ્સો કરવો નહીં એ બધી બાબતો જીવનને ઉચ્ચ ગતિએ લઈ જાય છે. જીવન એ પરમાત્માની અણમોલ ભેટ છે. સૌથી વિશેષ એક યાત્રા છે. આ યાત્રાને સુખરૂપ બનાવવા માટે ધર્મનું ભાથુ બાંધવાની જરૂર છે. પરમાત્મા ઘણો દયાળુ છે. જે અંતઃકરણથી તેની મદદ માગે છે તેને આપે છે. ઇશ્વરનો હાથ તો સર્વત્ર ફેલાયેલો છે. આપણે તેને પાત્ર બનીએ એટલે તે આપણે દ્વારે ઊભેલો જ છે. પ્રભુ જેના પર કૃપા વરસાવે છે તેની કસોટી પણ કરે છે. ઇશ્વર પર ભરોસો રાખીને કર્તવ્યના માર્ગે જે આગળ વધે છે તેને પ્રભુનું સાનિધ્ય ક્ષણે ક્ષણે પ્રાપ્ત થાય છે. માણસે પ્રેમ, દયા અને કરૂણા રાખીને સર્વ પ્રત્યે ક્ષમાભાવ કેળવવો જોઈએ. દયા ધર્મનું મૂળ છે અને અભિમાન પાપનું મૂળ છે. કોઈએ કહ્યું છે તેમ –

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગ જેવું કોઇ સુખ નથી
વૈરાગ્ય જેવી કોઈ શાંતિ નથી
સંયમ જેવી કોઇ સમાધિ નથી
મુક્તિ જેવી કોઇ સાધના નથી
દયા જેવો કોઈ ધર્મ નથી

જૈન ધર્મના સિદ્ધાંતો વૈજ્ઞાનિક અને વાસ્તવિક પાયા પર રચાયેલા છે. જે ધર્મના આચારો અને વિચારોને જીવનમાં ઉતારે છે તે તન અને મનથી તંદુરસ્ત અને પ્રફુલ્લિત રહી શકે છે. જૈન ધર્મમાં ત્યાગ અને ક્ષમાની જે ભાવના છે તેનો જોટો મળવો મુશ્કેલ છે. માણસ જો તૃષ્ણાને છોડી દે અને ત્યાગની ભાવના રાખે તો કોઇ દુઃખ નથી.

પર્યુષણ પર્વ આત્મજાગૃતિનું, આંતરચેતનાનું અને આત્મા સાથે અનુસંધાન કરવાનું પવિત્ર પર્વ છે. આ પર્વમાં જેટલું ધર્મધ્યાન થઇ શકે તેટલું કરીને આત્માનું કલ્યાણ કરવાનું છે. આત્મશુદ્ધિ વગર જીવનશુદ્ધિ નથી. 卐


રોકાણકારો માટે અમુલ્ય તક

**ભાવનગર નાગરિક સહ. બેંક લી.**

હેડ ઓફીસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર
ફોન : ૪૨૯૦૭૦-ફેકસ નં. (૦૨૭૮) ૪૨૩૮૮૯

: શા ખા ઓ :

| | | | |
|---|---|---|---|
| ડોન-કૃષ્ણનગર | વડવા નેરા ચોક | રૂપાણી - સરદારનગર | ભાવનગર-પરા |
| ફોન : ૪૩૯૭૮૨ | ફોન : ૪૨૫૦૭૧ | ફોન : ૫૬૫૯૬૦ | ફોન : ૪૪૫૭૯૬ |
| રામમંત્ર મંદિર | ઘોઘા રોડ શાખા | શિશુવિહાર સર્કલ | |
| ફોન : ૫૬૩૮૩૨ | ફોન : ૫૬૪૩૩૦ | ફોન : ૪૩૨૬૧૪ | |

સલામત રોકાણ આકર્ષક વ્યાજ સિદ્ધિ સફરતા

| | | | |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૭ ટકા | શેર ભંડોળ | ૩.૭૫ કરોડ |
| ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૮ ટકા | ડીપોઝીટ | ૧૬૩ ૮૮ કરોડ |
| ૧૮૦ દિવસથી ૧ વર્ષની અંદર | ૯ ટકા | ધિરાણ | ૮૭.૯૩ કરોડ |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૧૧ ટકા | રીઝર્વ ફંડ તથા અન્ય ફંડો | ૨૧.૨૦ કરોડ |
| ૨ વર્ષથી ૫ વર્ષની અંદર | ૧૧.૫ ટકા | | |
| ૫ વર્ષ કે તે ઉપરાંત | ૧૨ ટકા | | |

૭૨ માસે ડબલ

વર્કીંગ કેપીટલ ૨૬૩ કરોડ ઉપરાંત

વેણીલાલ મગનલાલ પારેખ-ચેરમેન

એમ. એ. ખંધડીયા
જનરલ મેનેજર

નિરંજનભાઈ દલપતરામ દવે
જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભાનો તળાજા યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર દ્વારા સં. ૨૦૫૫ના દ્વિતીય જેઠ શુદ ૭ ને રવિવાર તા. ૨૦–૬–૯૯ના રોજ ઘોઘા, તળાજા, દાઠા, શેત્રુંજી ડેમ તથા પાલીતાણા તલાટી યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સભાના સભ્યશ્રી ભાઈ–બહેનો તથા ગેસ્ટશ્રીઓએ નોંધપાત્ર સંખ્યામાં આ યાત્રા પ્રવાસનો અમૂલ્ય લ્હાવો લીધો હતો.

ઘોઘા–શ્રી નવખંડા પાર્શ્વનાથ દાદાના દરબારમાં સેવા–પૂજા–દર્શન તથા નવકારશીનો લાભ લઈ સવારના ૧૦–૦૦ કલાકે તળાજા–શ્રી તાલધ્વજ ગિરિરાજ પહોંચ્યા હતા જ્યાં દાદાના દરબારમાં સેવા–પૂજા–દર્શન આદિનો અમૂલ્ય લ્હાવો લેવામાં આવેલ. તળાજાથી બપોરના ૧૨–૦૦ કલાકે નીકળી દાઠા શ્રી શાંતિનાથ દાદાના મનોહર દેરાસરે પૂજા–સેવા–દર્શન આદિનો લ્હાવો લઈ અહિંની ભોજનશાળામાં બપોરની જમવાની વ્યવસ્થા રાખવામાં આવી હતી. સભાના ડોનરશ્રીઓ તરફથી રસની ભક્તિ કરવામાં આવી હતી. અહિંથી બપોરના ૩–૦૦ કલાકે શેત્રુંજી ડેમ તરફ પ્રયાણ કરવામાં આવેલ. નયનરમ્ય વરસાદી માહોલ વચ્ચે શેત્રુંજી ડેમ લગભગ ચાર વાગે પહોંચ્યા હતા. અહિં દર્શન–સામુહિક ચૈત્યવંદન કરી ચા તથા ઉકાળો વાપરી સાંજના ૬–૦૦ કલાકે પાલીતાણા પહોંચ્યા હતા. અહિંની શ્રી નરશી નાથા જૈન ધર્મશાળામાં યાત્રિકો માટે સાંજના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભોજન બાદ દરેક યાત્રિકોને પાલીતાણા–જયતલાટીના દર્શને લઈ જવામાં આવ્યા હતા. અહિં દર્શન–સમુહ ચૈત્યવંદન કરી ભાવનગર તરફ પ્રયાણ કરવામાં આવ્યું હતું.

આમ ભક્તિભાવપૂર્વક યાત્રા પ્રવાસ પરિપૂર્ણ થયો હતો.


## તળાજા યાત્રા પ્રવાસના ડોનરશ્રીઓ

| નંબર | નામ | ગામ |
|---|---|---|
| (૧) | શેઠશ્રી ધનવંતરાય રતિલાલ શાહ (અંબિકા સ્ટીલવાળા) | ભાવનગર |
| (૨) | શેઠશ્રી હઠીચંદ ઝવેરભાઈ શાહ (હ. ભુપતભાઈ એન. શાહ) | ભાવનગર |
| (૩) | શેઠશ્રી નાનચંદ તારાચંદ શાહ (હ. ભુપતભાઈ એન. શાહ) | મુંબઈ |
| (૪) | શ્રીમતિ અજવાળીબેન વચ્છરાજભાઈ શાહ (હ. ભુપતભાઈ એન શાહ) | ભાવનગર |
| (૫) | શેઠશ્રી ચુનીલાલ રતિલાલ સલોત (કાપડના વેપારી) | ભાવનગર |
| (૬) | શેઠશ્રી જયંતિલાલ રતિલાલ સલોત (કાપડના વેપારી) | ભાવનગર |
| (૭) | શેઠશ્રી ભોગીલાલ વેલચંદ મહેતા (હ જસવંતભાઈ) | ભાવનગર |
| (૮) | શેઠશ્રી સુમનલાલ ગુલાબચંદ શાહ (હ. જસવંતભાઈ) | મુંબઈ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમની નિત્ય-નિયમિત ઉપાસના કરતાં
જન્મ - જરા - મૃત્યુનો ભય ટળે છે,
અને
અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે, તે
શ્રી અરિહંત દેવોને અમારી
કોટિ-કોટિ વંદના હો....



: With Best Compliments From :

**AKRUTI**
**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24.
Above Nityanand Hall, Sion (W.), MUMBAI-400 022
Tele. : 408176162 (Code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તિર્થ-હરદ્વારમાં મુનિરાજ શ્રી જંબૂવિજયજી મ. સા.નો ભવ્ય પ્રવેશ

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય-સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ (બાપજી મહારાજ)ના પટ્ટાલંકાર પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય-મેઘસૂરીશ્વરજી મહારાજના શિષ્ય સદ્ગુરૂદેવ શ્રી ભુવનવિજયજી મ. સા.ના શિષ્ય ( પુત્ર ) મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે શિષ્ય-પ્રશિષ્યો પૂ. મુનિ શ્રી ધર્મચન્દ્રવિજયજી મ., મુનિ શ્રી પુંડરિકરત્નવિજયજી મ , પૂ. મુનિ શ્રી ધર્મઘોષવિજયજી મહારાજ સાથે તા. ૧૭-૫-૯૯ ના રોજ હરદ્વાર શહેરમાં હર્ષોલ્લાસના વાતાવરણ સાથે દિવ્ય મુહૂર્તે પ્રવેશ કર્યો છે.

પૂ. ગુરૂદેવ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ સાથે સાધ્વીવૃંદનો પણ પ્રવેશ થયો છે, જેમાં, સંઘમાતા સ્વર્ગવાસી પૂ. સાધ્વી શ્રી મનોહરશ્રીજી મ. સા. ( પૂ. જંબૂવિજયજી મ. સા ના બા )ના શિષ્યા સેવાભાવી પૂ. સાધ્વી શ્રી સૂર્યપ્રભાશ્રીજી મ. સા.ના શિષ્યા-પ્રશિષ્યા સા. શ્રી જિનેન્દ્રપ્રભાશ્રીજી, સા. શ્રી સિદ્ધિ-પૂર્ણાશ્રીજી, સા. શ્રી અક્ષયરત્નાશ્રીજી, સા. શ્રી મૈત્રિપૂર્ણાશ્રીજી, સા. શ્રી જિનરક્ષિતાશ્રીજી, સા. શ્રી સમકિતરત્નાશ્રીજી, સા. શ્રી આત્મ-દર્શનાશ્રીજી, સા. શ્રી ધર્મરક્ષિતાશ્રીજી, સા. શ્રી પૂર્ણધર્માશ્રીજી તથા સા. શ્રી આર્જવગુણા-શ્રીજીનો પણ શુભ નગર પ્રવેશ થયો છે. આવા પુણ્યશાળી સંતોના પગલાથી હરદ્વારની તીર્થભૂમિ પાવન બની છે.

પૂ. ગુરૂદેવશ્રીએ આ તીર્થભૂમિ પર પોતાના પહેલા વ્યાખ્યાનમાં જણાવ્યું કે તેમનો વિશેષ કરીને વિહારક્ષેત્ર ગુજરાત પ્રદેશ રહ્યો છે. આટલે દૂર ઉત્તર ભારતના પ્રદેશોમાં અને ખાસ કરીને હરદ્વારની પ્રાચીન-પવિત્ર તીર્થ ભૂમિ માટે વિહાર થઇ શકવાનો તેમને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો.

પૂ. ગુરૂદેવ શ્રી જૈન આગમોના મર્મોના જાણકાર વિદ્વાન છે તથા દેશ-પરદેશની સત્તર ભાષાઓના જાણકાર છે.

મહાવીર જૈન વિદ્યાલય, મુંબઇમાં જૈન આગમોની નવીન આવૃત્તિઓ છપાઈ રહી છે. પોતાના સાધુ-સાધ્વી સમુદાય સાથે ગુરૂદેવ હંમેશા આગમ પ્રકાશનની પ્રવૃત્તિમાં સામેલ રહ્યા છે જૈન દર્શન શાસ્ત્રના વિશ્વમાં જેટલાં વિદ્વાનો છે તથા ભારતની અન્ય પ્રાચીન વિદ્યાના વિદ્વાનોનો ગુરૂદેવ સાથે સારો સંપર્ક રહે છે. અલગ અલગ પ્રકારની શાસ્ત્ર સંબંધી શંકાઓના સમાધાન માટે આ વિદ્વાનો અવારનવાર ગુરૂદેવ પાસે આવતા રહે છે.

પૂ. ગુરૂદેવશ્રીના હરદ્વાર મુકામના સ્થિરવાસ ( ચાતુર્માસ ) દરમ્યાન જૈન શાસનની ઉત્તમ પ્રભાવનાઓ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજયપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
પ. પૂ. આગમમજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

[ હપ્તો ૧૪ મો ] [ ગુરુ વાણી ભાગ-૧માંથી સાભાર... ]

( ગતાંકથી ચાલુ.... )

આત્માના ત્રણ પ્રકાર છે.... બહિરાત્મા.... અંતરાત્મા.... પરમાત્મા....

જેનો આત્મા બહાર છે એટલે કે જેણે આત્માને ઓળખ્યો નથી.... તે બસ હું પદમાં જ રાચતો હોય. જાણે ધન જ એનો આત્મા ન હોય.... તેમજ કંચન, કામિની, કુટુંબ, કાયા, કીર્તિ બસ એ જ એનો આત્મા હોય.... તેને બહિરાત્મા કહેવાય. તેનો બધો સંબંધ બહારના પદાર્થો સાથે જ હોય. આ કાયાને શણગારવામાં જ તેની આખી જિંદગી ખર્ચાઇ જાય.... માણસનું શરીર જરાક જો ઘટે તો તરત તે કહેશે હું ઓગળી ગયો છું. અર્થાત્ શરીર એ હું છું. જયારે હું એટલે આત્મા.... છતાં માણસ સંપત્તિને, પત્નિને, આ બધાને જ હું માને છે.... મોટા ભાગના જગતના જીવો બહિરાત્મદશામાં જ જીવે છે.... બહારના પદાર્થોમાં વૃદ્ધિ એટલે ખુશખુશાલ અને તેમાં ઘટાડો થાય કે તરત પોક મૂકીને રોવા બેસશે. કારણ તેનો આત્મા એ જ છે. એક શેઠ હતા. તેમને જબરજસ્ત મોટો ધંધો હતો. તેમાં દસ લાખનો નફો થવાનો હતો. ત્યાં રાત્રે ખબર પડી કે ભાવ ઘટી ગયા છે. જો કે તોય પાંચ લાખનો નફો તો થવાનો જ હતો. છતાં શેઠને આઘાત લાગ્યો અને એકદમ બૂમો પાડવા લાગ્યા કે હું પાયમાલ થઇ ગયો.... પાયમાલ થઇ ગયો.... આજુબાજુના લોકો ભેગા થઇ ગયા.... બારણું ખખડાવ્યું. શેઠાણીને પૂછયું કે શેઠ કેમ બૂમો પાડે છે....? શેઠાણી કહે કે.... એમને દસ લાખનો નફો થવાનો હતો તેના બદલે પાંચ લાખનો થયો માટે....

વિચાર કરો એનો આત્મા કયાં હતો? પૈસામાં જ. જે માણસ અંતર આત્માવાળો હોય તો તરત જ તેને વિચાર આવશે કે મારામાં સદ્ગુણો કેટલા છે? દુર્ગુણો કેટલા છે? અને પોતાના દુર્ગુણોને છોડવા માટે અને સદ્ગુણોને મેળવવા માટે જ તેની દોડધામ હોય છે.

એક માણસ દાન આપતો હતો. તે હંમેશાં તેનું મોં નીચે રાખીને દાન આપતો.... તેથી એક વખત એક વ્યક્તિએ પૂછયું કે ભાઇ તમે નીચું મોં રાખીને દાન કેમ આપો છો ? કારણ.... શરમાવું જોઇએ તો પણ લેનારને. દેનારને શા માટે ? ત્યારે પેલા ભાઇએ કહ્યું કે અરે ભાઇ ! હું દાન આપું છું તે કાંઇ મારૂં ધન નથી.... ભગવાને આપેલું છે. છતાં લોકો મારા ગુણ ગાય છે. ભગવાનને કોઇ યાદ કરતું નથી તેથી મને શરમ આવે છે. હું જે દાન આપું છું તે ભગવાને મને આપ્યું ત્યારે હું આપી શકયો ને.... ?

એક મહાન સદ્ગુરૂ હતા.... હંમેશાં બસ પોતાનામાં મસ્ત.... કોઇ દિવસ માન-સન્માનનો પણ વિચાર નહીં.... અને પરમાત્મા જ એને મન મહાન હતા.... અહંકારે એના જીવનને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પર્શ કર્યો જ નહોતો. બસ પરમાત્માની ભક્તિ એ જ એનું કામ હતું. છેવટે ભક્તિથી તેનામાં એવી લબ્ધિઓ પ્રગટ થઇ કે તે અવનવાં કાર્યો કરવા લાગ્યા. દેવોમાં તેની પ્રસિદ્ધિ ફેલાઇ. દેવો તેનાં દર્શન કરવા માટે આવ્યા.... દેવો ખુશ–ખુશ થઇ ગયા. દેવ તેને વરદાન માંગવા કહે છે કે માંગો જે જોઇએ તે માંગો. કારણુ દેવનું દર્શન કયારેય નિષ્ફળ જતું નથી. આ સંત કહે છે મને તો મારા પરમાત્મા મળ્યા એટલે બસ, મારે બીજું કાંઇ નથી જોઇતું.

પાંચ પાંડવની માતા કુંતિએ શું માગેલું ખબર છે? તેણે દેવની પાસે માગેલું કે મને હમેશાં વિપત્તિ આપજો. કારણુ વિપત્તિ હશે તો જ હું ભગવાનને યાદ કરીશ. તમે દેવ મળે ત્યારે સંપત્તિ માંગશો કે વિપત્તિ... ?

આ બાજુ દેવે કહ્યું કે તમારામાં હું એવી ચમત્કાર- શક્તિ મૂકીશ કે જેથી લોકોમાં તમારી ખૂબ જ પ્રસિદ્ધિ થશે. આ સાંભળી સંત કહે છે કે નહીં મારે એવી પ્રસિદ્ધિ નથી જોઇતી કારણુ કે તેથી લોકો મારી પાછળ પડશે.... ભગવાનને ભૂલી જશે.... માટે મારે એવી શક્તિ નથી જોઇતી. મારે તો મારા હાથે જગતનું ખૂબ કલ્યાણુ થાય છતાં મને ખબર પણુ ન પડે એવી કોઇ ચમત્કારીક શક્તિ આપો. કારણુ કે મને એમ થાય કે હું ચમત્કાર કરી જાણું છું તો મારામાં અહંકાર આવી જાય તો.... ? આ દેવ તથાસ્તુ કહીને ચાલ્યા ગયા. આ બાજુ આ સંત જ્યારે બહાર નીકળે ત્યારે તેમના પડછાયામાં જે કોઇ માણુસ આવે તે રોગી હોય તો નીરોગી બની જાય. દુઃખી હોય તો શ્રીમંત બની જાય. આંધળો હોય તો દેખતો બની જાય. આ પ્રમાણે તેના પડછાયાની અંદર જે કોઈ આવે તે માલા–માલ થઇ જતા. લોકો તેમને 'પવિત્ર છાંયા' તરીકે જ ઓળખવા લાગ્યા. જ્યારે માણુસની અંતરાત્મા તરફ દૃષ્ટિ જાય છે ત્યારે તેને પોતાની પ્રસિદ્ધિ ગમતી નથી. તેને ભગવાનની જ પ્રસિદ્ધિ ગમે છે. જ્યારે માણુસ આવી રીતે અંતર્મુખ બને છે પછી તેનો પ્રભુ સાથે સંબંધ જોડાય છે.... અને એ સંબંધ જ્યારે ઉત્કૃષ્ટ કોટીનો બને છે ત્યારે તેનો આત્મા પરમાત્મા બની જાય છે. જો કે આત્મા–પરમાત્મા તો છે જ પરંતુ આપણે તેને સાચા અર્થમાં સમજી શકતા નથી.... આપણામાં રહેલા ભગવાનને આપણે ઓળખી શકતા નથી.... અને માત્ર મંદિરોમાં – તીર્થોમાં શોધવા માટે નીકળીએ છીએ. પ્રભુની મસ્તીમાં ડૂબેલા માણુસને કોઇનોય ભય હોતો નથી. અકબર રાજાના દરબારમાં ઘણા કવિઓ હતા. તેમાં એક ગંગ નામનો કવિ હતો. આ કવિ રોજ ભગવાનની સ્તુતિ કરે તથા કોઇ સાધુ–સંતની સ્તુતિ કરે પણુ કયારેય કોઇ રાજા–મહારાજાની સ્તુતિ કરતા નહોતા. બીજા બધા કવિઓ અકબરને ખુશ રાખવા તેની સ્તુતિ કરતા હતા. હવે એક દિવસ ઇર્ષ્યાથી પ્રેરાઇને કેટલાક કવિઓએ ભેગા થઇને રાજાને કહ્યું કે રાજન્! આ ગંગ કવિ કોઇ દિવસ તમારી સ્તુતિ કરતા જ નથી, તમારે જોવું–જાણુવું હોય તો પરીક્ષા કરો. અકબર રાજાએ પરીક્ષા માટે એક સમસ્યા પૂરી કરવાનો કોયડો સભામાં મૂકયો. **"આસ કરો અકબરકી"** આ સમસ્યાને પૂરી કરવા જુદા–જુદા કવિઓએ જુદી–જુદી પંક્તિઓ રજૂ કરી. રાજાએ ગંગ કવિને પૂછયું. ગંગ કહે કાલે વાત. બીજા દિવસે સભા ચિક્કાર ભરેલી છે ગંગ કવિ પોતાની પંક્તિ રજૂ કરે છે. કે **"જિસકો હરિમેં વિશ્વાસ નહીં વો આસ કરો અકબરકી"** એની પ્રભુમાં કેટલી મસ્તી હશે કે જે અકબર જેવા બાદશાહને આ રીતે કહી શકયો. જ્યારે જીવનમાં સદ્ગુણો પ્રગટે ત્યારે જ આત્માની સાચી ઓળખાણુ થાય.... માણુસે લોકપ્રિય બનવું હોય તો આ લોક વિરૂદ્ધ કે પરલોક વિરૂદ્ધ કોઇ આચરણુ ન કરવું તેમજ સરળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વભાવી બનવું. છતી શક્તિએ પણ જે દુઃખી હોય તેને એક પાઈની પણ મદદ ન કરે તો એ લોકોમાં તિરસ્કૃત બને છે.... તેમજ તે કોઈ ખરાબ વ્યસની ન હોવો જોઈએ. તેણે દારૂનો ધંધો કે એવો કોઈ હલકો ધંધો ન કરવો જોઈએ. એક માણસ એક બાજુ ધર્મ કરતો હોય અને બીજી બાજુ વરલી-મટકા જેવા ધંધા કરતો હોય.... આવો માણસ ધર્મના કામમાં પાંચ-પચ્ચીસ હજાર ખર્ચે તો પણ તે અને ધર્મ બન્ને લોકોમાં તિરસ્કારને પાત્ર બને છે.

## ધર્મના અર્થી શ્રાવકનો ચોથો ગુણ છે લોકપ્રિયતા

આખા વિશ્વના લોકોમાં એક ઝંખના પડી છે કે હું લોકોને પ્રિય કેમ બનું? જેને લોકપ્રિય બનવું હોય એણે આ લોક વિરૂદ્ધ ક્રિયા કરવી જોઈએ નહીં. લોકપ્રિય બનવા માટે વાણી પરનો સંયમ ખૂબજ જરૂરી છે. વાણીનો વ્યય કરવો નહીં તે પ્રથમ સાધના છે. આજે તો મોટા ભાગે વાણીનો અપવ્યય જ થઈ રહ્યો છે. એક કહેવત છે કે "બહુ બોલે તે જૂઠું અને બહુ ખાય તે લુખું." જે માણસ બહુ બોલતો હોય તેમાં સત્યનો અંશ ઓછો હોય તેમ જે ઘણું ખાતો હોય તેમાં પણ કાંઈ રસ રહે નહીં. લિમીટ પુરતુ ખાય તો જ ખાવાની મજા આવે. વાણીરૂપી મૂડીનો જેમ તેમ વ્યય કરવાથી તે અહીં જ સમાપ્ત થઈ જશે. તીર્થંકર પરમાત્મા પણ પહેલાં વાણી રૂપી મૂડી એકઠી કરે છે અને પછી દેશના આપે છે. જો કેવળજ્ઞાન પહેલાં દેશના આપે તો એમની વાણી રૂપી મૂડીની શક્તિ છે તે બધી ખર્ચાઈ જાય. મૌન શબ્દ પણ મુનિ પરથી જ પડેલો છે. મુનિની સઘળી પ્રવૃત્તિ મૌનથી જ ચાલતી હોય. વચનગુપ્તિ અને ભાષાસમિતિ આ બન્નેનું નિર્માણ શા માટે? વચનગુપ્તિ એટલે કે બને ત્યાં સુધી બોલશો જ નહીં અને કદાચ બોલવું પડે તેમ હોય તો ભાષાસમિતિ અર્થાત્ ઉપયોગ પૂર્વક બોલજો સંસારમાં સઘળા ક્લેશોનું મૂળ વાણીનો અપવ્યય જ છે ને!

ચાર જાતના ઘડા છે. પહેલો ઘડો એવો છે કે જે અમૃતથી ભરેલો છે અને ઢાંકણ પણ અમૃતનું છે. બીજો એવો છે કે અમૃતથી ભરેલો છે અને ઢાંકણ ઝેરનું છે. ત્રીજા પ્રકારનો ઘડો ઝેરથી ભરેલો છે અને ઢાંકણ અમૃતનું છે. જ્યારે ચોથો ઘડો ઝેરથી ભરેલો છે અને ઝેર યુક્ત ઢાંકણવાળો છે. આ ઘડા પ્રમાણે માણસ પણ ચાર જાતના છે. (૧) ઉત્તમોત્તમ-જેમના હૃદયમાં સદાય અમૃત ભરેલું છે અને વાણીમાં પણ અમૃત વરસે છે. આમાં સંત પુરૂષોનો નંબર આવે. (૨) ઉત્તમ-હૃદય અમૃતમય અને વાણી કડવી. પિતા અને પુત્ર. પિતાના હૃદયમાં અમૃત ભરેલું હોય પણ પુત્રને શિખામણ માટે કડવા શબ્દો કહેવા પણ પડે. (૩) અધમ-હૃદયમાં ઝેર ભરેલું હોય અને વાણીમાં અમૃત. આવા માણસો ઘણા હોય છે. અને આવા માણસોથી જ ચેતવા જેવું છે. માણસ ક્રોધી હોય. લોભી હોય કે માની હોય તો ખબર પડે પણ માયાવી માણસની ખબર જ ન પડે. (૪) અધમાધમ-હૃદયમાં પણ ઝેર અને વાણીમાં પણ ઝેર. દુર્જન માણસો હળાહળ ઝેરથી જ ભરેલા હોય છે.

સાચો ધર્મી હોય તે લોકપ્રિય બને છે. જગતને વશ કરવું હોય તો દાનથી થઈ શકે છે. શ્રુત અને શીલની મૂળ કસોટી એ વિનય છે.

કાશીમાં એક વિદ્વાન પંડિત હતા. એકવાર શાસ્ત્રનું પરિવર્તન કરતાં તેમને એક શંકા ઉભી થઈ. ઘણી મહેનત કરી પણ શંકાનું સમાધાન થયું નહીં. તેમને ખબર પડી કે એક બ્રાહ્મણ છે તે પણ ખૂબ અભ્યાસી છે. કદાચ તે આ શંકાનું સમાધાન કરે! આવા મહાવિદ્વાનને એક સામાન્ય બ્રાહ્મણ પાસે પૂછવા જવું એટલે કેટલી હિંમત ભેગી કરવી પડે? છતાં પૂછવા માટે નીકળે છે. મનમાં વિચારણા ચાલુ જ છે તે બ્રાહ્મણના ઘર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે પહોંચે છે. બ્રાહ્મણ પોતાના કામમાં વ્યસ્ત હતો. બહાર ડેલીએથી અંદર નજર કરી અને બ્રાહ્મણ પર નજર પડતાં જ આ વિદ્વાનને પોતાની શંકાનું સમાધાન મળી ગયું તેથી બ્રાહ્મણને મળ્યા વિના જ પાછા ફરે છે. હવે ગુરૂપૂર્ણિમાનો દિવસ આવે છે. શિષ્યોના ટોળા સાથે જાતે હાથમાં આરતી લઈને બ્રાહ્મણને ઘેર પહોંચે છે. પેલો બ્રાહ્મણ તો આભો જ બની જાય છે. કાશીના આવા મહાનપંડિત પોતાને ત્યાં પધારે એટલે એ તો ગાંડો–ઘેલો બની ગયો છે. વિદ્વાન કહે છે કે તમે બેસો.... આરતી ઉતારે છે. પેલો બ્રાહ્મણ આશ્ચર્ય ચકિત બનીને પૂછે છે–પણ છે શું ? મારા જેવા એક સામાન્ય બ્રાહ્મણની આપ આરતી ઉતારો છો.... પેલા પંડિત બધી વાત કરે છે. કહે છે કે તમારા દર્શન માત્રથી જ મારી શંકાનું સમાધાન થઈ ગયું. તેથી તમે મારા ગુરૂ છો. આવો પ્રચંડ વિનય જીવનમાં હોય તો વિદ્વાન–મહાન બનાય છે. વિનય એ સામાન્ય ગુણ નથી. શાસ્ત્રનું મૂળ જ વિનય છે. વિનયથી–નમ્રતાથી જ માણસ લોકપ્રિય બને છે.

( ગુરુવાણી ભાગ-૧ સમાપ્ત )


## ભાવનગર મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લી.

भावनगर मर्केन्टाइल को-ओपरेटीव बेन्क ली. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.

**હેડ ઓફીસ :-**
લોખંડ બજાર, ભાવનગર
ફોન નં. ૪૨૪૧૮૧

**બ્રાન્ચ :-**
માર્કેટીંગ યાર્ડ, ભાવનગર ફોન નં. ૪૪૫૦૦૮
માધવદર્શન, ભાવનગર ફોન નં. ૪૨૦૭૯૯

**-: થાપણના વ્યાજનાં દરો :-**
( તા ૨૧-૪-૯૯ થી અમલમાં )

| | |
|---|---|
| સેવિંગ્ઝ | ૫.૫૦ ટકા |
| ફિકસ ડીપોઝીટ :- | |
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૮.૦૦ ટકા |
| ૯૧ દિવસથી ૧ વર્ષ નીચે | ૯.૦૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષ નીચે | ૧૧.૦૦ ટકા |
| ૨ વર્ષથી ૩ વર્ષ નીચે | ૧૨.૦૦ ટકા |
| ૩ વર્ષથી ૫ વર્ષ નીચે | ૧૨.૫ ટકા |
| ૫ વર્ષ અને ઉપરાંત | ૧૩ ૦૦ ટકા |

**ડબલ :- ૬૫ માસ**

-: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :-

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડયા**
ચેરમેન

**શ્રી ઈન્દુકુમાર ઉકાભાઈ પટેલ**
મેનેજીંગ ડીરેકટર

**શ્રી રાજેન્દ્ર ઇન્દુકુમાર દવે**
વા. ચેરમેન

**શ્રી જુગલકિશોર પી. પારેખ**
જો. મે. ડીરેકટર

**શ્રી જે. એમ. શાહ**
મેનેજર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મંત્રનો પ્રભાવ

-ધૂની માંડલિયા

હરેક ધર્મમાં એક સિદ્ધ મંત્ર હોય છે.

'નવકાર મંત્ર' એ જૈન ધર્મમાં સિદ્ધ મંત્ર છે. નવકાર મંત્ર આ પ્રમાણે છે:

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ-પાવ-પ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઇ મંગલમ્ ॥

પોતાના મનને શ્રીપંચપરમેષ્ઠિ ભગવંતોની ભાવનાનું મન બનાવવા માટે શ્રી નવકાર મંત્ર છે. એટલે જ શ્રી નવકારનો મંગલ પ્રારંભ 'નમો' પદથી થાય છે.

શ્રી નવકાર અમૃત પરિણામી છે. જેને તેનો સ્પર્શ થાય છે તેના પરિણામમાં આત્મ સમભાવનો ઝળહળાટ પથરાય છે. નવકાર મંત્રના એક એક અક્ષરમાં સાત સાગર જેટલું તેજ સમાયેલું છે નવકાર એ અક્ષરોનો સમૂહ જ નથી પરંતુ વિશ્વચેતનાનો અધિષ્ઠાતા છે. ત્રિભુવનમાં અજવાળુ પાથરવાની ક્ષમતાવાળા શ્રી નવકારનો યોગ, જીવને લાગેલાં ભવોભવના પાપોને ક્ષીણ કરી નાખે છે. આગમાં જેમ લાકડું બળે તેમ શ્રી નવકારના ધ્યાનમાંથી પ્રગટતી જવાળાઓમાં જન્મોજન્મના સંચિત કર્મો બળીને ખાખ થઈ જાય છે. આત્માના અમાપ પ્રભાવને ખીલવવાની અખૂટ શક્તિ શ્રી નવકાર મંત્રમાં રહેલી છે.

છાંયા વૃક્ષને અનુસરે છે તેમ પ્રકૃતિ શ્રી નવકારના આરાધકને અનુસરે છે. નવકાર મંત્ર જો આત્મસાત્ થઈ જાય તો રાગ-દ્વેષ, મોહ-માન-માયા જેવા શત્રુઓ આપમેળે મોળા પડવા માંડે છે. વ્યક્તિના જીવનમાં ક્રાંતિ આવવા માંડે છે.

નવકાર મંત્ર આત્માનું સત્ત્વ છે. આ સત્ત્વ જ્યાં સુધી સલામત છે, ત્યાં સુધી સર્વ સલામત છે. સત્ત્વ જળવાઈ રહે તો બધું આપોઆપ જળવાશે.

એક કથા છે.

એક હતા રાજા.

રાજાનું નામ વિક્રમ.

રાજા વિક્રમ ભારે ધર્મપ્રેમી. પારકાનું દુઃખ નિવારવા સદાય તત્પર. હંમેશા ઊઠતા-બેસતા, રાત્રે સૂતા પહેલાં અને સવારે ઊઠતાં તેમની ભીતરમાં શ્રી નવકાર મંત્રની રટણા રહ્યા કરતી હતી. શ્રી નવકારના જાપથી તેમનાં ઊર્જા કેન્દ્રો ખૂલી ગયા હતા.

અષાઢની એક મધરાતે તેઓ નગરચર્યા સાંભળવા નીકળ્યા. ગામમાં એક ગરીબ બ્રાહ્મણ રહે ચાલતાં ચાલતાં તે ત્યાં આવી પહોંચ્યા.

ઘરમાં પતિ-પત્ની વાતો કરતા હતાં. રાજા ઘરની દીવાલની બરાબર લગોલગ થયાં અને કાન માંડ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પત્ની બોલી રહી હતી, "જોયો તમારો રાજા વિક્રમ ! તે પરદુ:ખભંજક હોય તો આપણા ઘરમાં રહેલા દરિદ્ર નારાયણની મૂર્તિને પોતાના રાજમહેલમાં કેમ લઈ જતો નથી ? શેનો લઇ જાય ? લઈ જાય તો એના હાલ પણ આપણા જેવા જ થાય ને ?"

પતિ બોલ્યો, "ગાંડી, આવું ના બોલીએ. દીવાલને પણ કાન હોય છે."

સાચે, એવું જ બન્યું.

બીજા દિવસે રાજસભા ભરાઇ, પેલા બ્રાહ્મણને બોલાવી મૂર્તિની માગણી રાજાએ કરી. મૂર્તિ ભારોભાર ગરીબ બ્રાહ્મણને સોનું આપવામાં આવ્યું અને દરિદ્રનારાયણની મૂર્તિને રાજ-મહેલમાં ગોઠવવામાં આવી.

રાત પડી.

રાજા નવકાર મંત્રનું રટણ કરતા પલંગમાં પોઢયો છે. ત્યાં એક ઝબકારો થયો. જુએ તો સામે લક્ષ્મીદેવી. તે બેઠો થયો. લક્ષ્મીદેવીને પ્રણામ કર્યા અને આગમનનું કારણ પૂછયું.

"હવે હું તારા મહેલમાં એક પળ માટે પણ નહિ રહી શકું. કારણકે તે દરિદ્ર નારાયણની મૂર્તિ વસાવી છે." આટલું બોલી લક્ષ્મીજી મહેલ છોડી ચાલતાં થયાં.

જરા પણ ખેદ અનુભવ્યા વગર રાજા પુનઃ નિદ્રાધીન થયો પણ ત્યાં ફરી ઝબકારો થયો. જાગીને જુએ તો સામે કીર્તિદેવીને ઉભેલાં જોયાં.

આગમનનો હેતુ રાજા સમજી ગયો.

"હવે હું પણ તારા ભવનમાં નહીં રહું એ જ કહેવા આવ્યા છો ને ?" રાજાએ પૂછયું.

'હા' કીર્તિદેવી બોલ્યાં.

"તો ખુશીથી જાઓ" એમ કહીને રાજા પુનઃ નિદ્રાધીન થયો પણ ત્યાં ત્રીજો ઝબકારો થયો.

રાજા જાગીને જુએ છે તો સામે ઝગારા મારતું સત્ત્વ હતું.

સત્ત્વને રાજાએ પ્રણામ કર્યા અને આપ પણ જાઓ છો એવો પ્રશ્ન કર્યો.

સત્ત્વે કહ્યું "રાજન, હું તારો રાજમહેલ નહીં છોડું–એ કહેવા જ આવ્યો છું. તારા સતત્ નવકારમંત્ર જાપજ મને અહીં રહેવા મજબૂર કરે છે–એટલું જ નહીં પણ તારું સર્વ રીતે રક્ષણ કરવાની જવાબદારી હવે મારા શિરે છે."

સત્ત્વનો આ જવાબ સાંભળી રાજાની આંખમાંથી આંસુ સરી પડ્યાં. જ્યાં સુધી પર-માત્માનું સત્ત્વ મારી સાથે છે ત્યાં સુધી મારે હવે કોઇ ન્યૂનતા નથી. એવું વિચારી રાજા નિદ્રાધીન થવા જાય છે ત્યાં જ લક્ષ્મીદેવી અને કીર્તિદેવી તેના પલંગ પાસે પુનઃ પ્રગટ થાય છે.

રાજાને આ બન્ને દેવીઓનું પુનરાગમન સમજાયું નહીં. બન્નેને પ્રણામ કરી રાજાએ પોતાનું કુતૂહલ પ્રગટ કર્યું.

રાજાની મૂંઝવણનું સમાધાન કરતા બન્ને દેવીઓએ રાજાને કહ્યું કે સત્ત્વને છોડી અમારાથી કયાંય નીકળી શકાતું નથી. અમને એમ હતું કે સત્ત્વ પણ રાજભવન છોડી દેશે પણ તમારા મંત્ર જાપ બળને કારણે સત્ત્વ તમારી સાથે રહ્યું છે અને જ્યાં સત્ત્વ હોય ત્યાં જ અમારો નિવાસ હોય છે.

રાજાએ બન્ને પ્રતાપી દેવીઓને નમન કરી પુનઃ મંત્ર જાપનો આરંભ કર્યો–રાજાને મીઠી ઊંઘ આવી ગઇ.

[ દિવ્યધ્વનિ માસિકમાંથી સાભાર.... ]

卐 卐 卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સવાસો વર્ષ પહેલા થયેલા મહાન યોગીપુરૂષ શ્રી ચિદાનંદજી મહારાજના મુખવચનો

"**ભાગ્યશાળી પુણ્યાત્માઓના જીવન ચરિત્રો**" નામની નાની પુસ્તિકા ઈ. સ. **૧૯૩૯** માં શ્રી મોતીલાલ નરોત્તમદાસ કાપડીયાએ સંકલન કરી પ્રકાશિત કરેલ, મુદ્રક હતા-શ્રી ગુલાબચંદ લલ્લુભાઇ. તે પુસ્તિકામાં "**કોઈએ પ્રશ્નો પુછતાં-શ્રી ચિદાનંદજી મહારાજના મુખ વચનો**" લખાણ પ્રકાશિત કરેલ છે. આજના સમયમાં, સાચા આત્મજ્ઞ પુરુષનું ચરિત્ર કેવું હોય તે ઉપરથી તેનો ખ્યાલ આવે છે, અને તે નોંધ ઘણું ઘણું કહી જાય છે. શ્રી ચિદાનંદજી ભાવનગર પધારેલા અને તેના આધારે આ નોંધ તૈયાર કરેલી જણાય છે.

"હું શ્રી મહાવીર સંપ્રદાયનો છું. મારા ગચ્છનું નામ મહાવીર અને મારા સંપ્રદાયનું નામ પણ મહાવીર સંપ્રદાય છે.

ગચ્છ કે સંઘાડાના ઝગડા જેને કરવા હોય તેણે મારી પાસે આવવું નહીં. હું પૂર્વાશ્રમમાં કોણ હતો? કયારે હતો? મારા સંબંધીઓ કોણ છે? વગેરે પ્રશ્નો કરીને મને કોઈએ કંટાળો આપવો નહીં હું કોઇ પણ ગામમાં ત્રણ દિવસથી વધારે વખત રહેતો નથી. હું જ્યાં જાઉં છું ત્યાં ત્રણ જ વ્યાખ્યાન આપું છું. મારા ત્રણ વ્યાખ્યાનથી જેને લાભ ન થાય તેને માટે હું યોગ્ય નથી, એમ મારૂં માનવું છે. મને સૌ ચિદાનંદ તરીકે ઓળખે છે. હું કોઈપણ ઉપાશ્રયમાં ઉતરતો નથી અને કોઈના મકાનમાં ઉપદેશ આપતો નથી. ગામના ચોકમાં કે ગામની બહાર ખુલ્લા મેદાનમાં વ્યાખ્યાન આપવા મને ગમે છે. હું શ્રી વીરને મારા પ્રભુ માનું છું. દયામાં ધર્મ ગણું છું, અને કર્મમાં આસ્થા રાખું છું. મારૂં વ્યાખ્યાન માત્ર જૈનો જ સાંભળે એવી મારી સંકુચિત માન્યતા નથી. હું તો જગતનો સેવક છું. જગતના અનેક જીવોના પરિશ્રમોનો હું લાભ લઉં છું, અને તેથી મારે પણ તે બધાનો બદલો આપવો રહ્યો.

હું તો ભીક્ષુક છું. સાધુ નથી પણ સાધક છું. મુનિ નથી પણ મુનિપદનો અભિલાષી છું ગુણી નથી પણ ગુણનો ગ્રાહક છું. ગુરુ નથી પણ ગુરુપદનો પૂજક છું. જ્ઞાની નથી પણ જ્ઞાન પાછળ ઘેલો છું. ધર્મી નથી પણ ધર્મને ચાહું છું. સેવ્ય નથી પણ સેવક છું. સિદ્ધ નથી પણ સાધક છું. કોઇપણ ગચ્છ-મત-પંથ-સંપ્રદાય કે વાડાના બંધનમાં હું નથી. પણ સંપ્રદાયના પ્રવર્તક મહાપુરુષોના પગની રજ છું. વાણીયા કે બ્રાહ્મણ-પાટીદાર કે ક્ષત્રીય-કોળી કે માળી-સુતાર કે લુહાર-કુંભાર કે સોની-ગરીબ કે શ્રીમંત-રાજા કે રંક-સાક્ષર કે નિરક્ષર-નાના કે મોટા-સ્ત્રી કે પુરુષ સૌની સમાન ભાવે હું સેવા કરવા ચાહું છું. મારી કોઈ નિંદા કરે તેની મને પરવા નથી. મને તો દરરોજ બપોરના માત્ર એક રોટલાનો ખપ છે; અને શરીર ઢાંકવા માટે એક જીર્ણ વસ્ત્ર બસ છે. મારે નામના મેળવવી નથી. કીર્તિ કમાવી નથી. પદવીઓ લેવી નથી. પગલે પગલે પુજાવું નથી, માનની ભુખ નથી, કે પ્રસિદ્ધિની ફિકર નથી. પ્રભુ કૃપાથી પ્રભુના સંતાનોને પ્રભુનો સંદેશો હું પહોંચાડી શકું તો હું પોતાને કૃતકૃત્ય માનીશ."

: સંગ્રાહક :

**મોતીલાલ નરોત્તમદાસ કાપડીયા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી ચિદાનંદજી અંગે નીચે પ્રમાણે નોંધ કરી છે.... (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ-પાનુ ૧૬૦)

"વર્તમાન સૈકામાં અને વળી તેના પણ કેટલાંક વર્ષ વ્યતીત થતાં સુધી ચિદાનંદજી આત્મજ્ઞનું વિદ્યમાનપણું હતું. ઘણો જ સમીપનો વખત હોવાથી જેમને તેમનાં દર્શન થયેલાં, સમાગમ થયેલો અને જેઓને તેમની દશાનો અનુભવ થયેલો તેમાંનાં કેટલાક પ્રતીતિવાળાં મનુષ્યોથી તેમને માટે જાણી શકાયું છે; તેમ હજુ પણ તેવાં મનુષ્યોથી જાણી શકાય તેવું છે.

જૈન મુનિ થયા પછી પોતાની નિર્વિકલ્પ દશા થઈ જવાથી ક્રમપૂર્વક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી યમ-નિયમ તેઓ હવે પાળી શકશે નહીં, તેમ તેમને લાગ્યું. જે પદાર્થની પ્રાપ્તિ માટે યમ-નિયમનું ક્રમપૂર્વક પાલન રહ્યું છે, તે વસ્તુની પ્રાપ્તિ થઈ તો પછી તે શ્રેણીએ પ્રવર્તવું અને ન પ્રવર્તવું બન્ને સમ છે, એમ તત્ત્વજ્ઞાનીઓની માન્યતા છે. જેને અપ્રમત્ત ગુણસ્થાનકે રહેલો મુનિ એમ નિર્ગ્રંથ પ્રવચનમાં માનેલું છે, એમાંની સર્વોત્તમ જાતિ માટે કાંઇ કહેવાઇ શકાતું નથી, પણ એક માત્ર તેમના વચનનો મારા અનુભવજ્ઞાનને લીધે પરિચય થતાં એમ કહેવાનું બની શક્યું છે કે તેઓ મધ્યમ અપ્રમત્ત દશામાં પ્રાયે હતા. વળી યમ-નિયમનું પાલન ગૌણતાએ તે દશામાં આવી જાય છે. એટલે વધારે આત્માનંદ માટે તેમણે એ દશા માન્ય રાખી.

આ કાળમાં એવી દશાએ પહોંચેલા બહુ જ થોડા મનુષ્યની પ્રાપ્તિ પણ દુર્લભ છે, ત્યાં અપ્રમત્તતા વિષે વાતનો અસંભવ ત્વરાએ થશે એમ ગણી તેઓએ પોતાનું જીવન અનિયતપણે અને ગુપ્તપણે ગાળ્યું. એવી જ દશામાં જો તેઓ રહ્યા હોત તો ઘણાં મનુષ્યો તેમના મુનિપણાની સ્થિતિ શિથિલતા સમજત અને તેમ સમજવાથી તેઓ પર આવા પુરુષથી અભીષ્ટ છાપ ન પડત. આવો હાર્દિક નિર્ણય હોવાથી તેઓએ એ દશા સ્વીકારી." 卐

જેમની ભક્તિ સર્વ પ્રકારનાં ભયોનું ભંજન કરનારી છે

અને

સકલ મનોરથની સિદ્ધિ કરનારી છે.

તેવા

શ્રી અરિહંત દેવોને અમારી કોટિ કોટિ વંદના હો.

: 卐 :

'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

**Indchem Marketing Corporation**

32, Shamaldas Gandhi Marg,
Saraf Mansion, Mumbai-400 002
Phone : 2617367-68

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સી. એન. સંઘવીને મળેલો અમેરિકાની પ્રતિષ્ઠિત સંસ્થા "જૈના"નો પ્રેસીડેન્શીયલ એવોર્ડ

શ્રી સી. એન. સંઘવી, સ્થાપક પ્રમુખ, જૈન સોશ્યલ ગ્રુપ ફેડરેશન અને ચેરમેન–ટ્રસ્ટી, જૈન એકેડેમી, મુંબઇને ફેડરેશન ઓફ જૈન એસોસીએશન્સ ઇન નોર્થ અમેરિકા (જૈના) દ્વારા આ વર્ષનો ગૌરવપ્રદ પ્રેસીડેન્શીયલ એવોર્ડ એનાયત થયો છે.


શ્રી સંઘવીએ જૈન ધર્મના સિદ્ધાંતોના પ્રચાર–પ્રસાર માટે પોતાનો કિંમતી સમય, બુદ્ધિ અને આર્થિક સહયોગ દ્વારા બજાવેલી અજોડ સેવાનો દાખલો આધુનિક જૈનોમાં જડવો મુશ્કેલ છે. શ્રી સંઘવીએ બજાવેલી સેવાની "જૈના" દ્વારા બહુ ઉંચી કદર કરવામાં આવી છે, જેના પરિપાક રૂપે આ વિશિષ્ટ એવોર્ડ શ્રી સંઘવીને આપવામાં આવેલ છે. આ એવોર્ડની અર્પણ વિધિ જૈના કન્વેન્શનના દસમાં દ્વિવાર્ષિક સંમેલન, ફિલાડેલ્ફિયા, અમેરિકા મુકામે ગત તા. ૨ થી ૫ જુલાઇ–૯૯ ના દિવસોમાં યોજાયેલ. આ વિશિષ્ટ સંમેલનમાં અમેરિકાના આશરે દસ હજાર જૈનો ઉપસ્થિત રહેલ.

શ્રી સંઘવીના હસ્તે અનેક સંસ્થાઓની સ્થાપના થઈ છે. એટલું જ નહિ પરંતુ આ બધી સંસ્થાઓ સતત્ વિકસતી રહે તે માટે તેમણે સતત્ જાગૃતિ અને જીવંત પુરૂષાર્થ દાખવ્યો છે. તેમણે સ્થાપેલા જૈન સોશ્યલ ગ્રુપ ફેડરેશનની આજે ૨૦૫ શાખાઓ દેશ અને પરદેશમાં વિસ્તરેલી છે અને તેના ૬૦,૦૦૦થી પણ વધુ સભ્યો છે.

"જૈના" એ તેનો અતિ ગૌરવપ્રદ પ્રેસીડેન્શીયલ એવોર્ડ શ્રી સંઘવીને એનાયત કરીને ખરેખર એક ઉજ્જવલ અને સાચા માર્ગનું પગલું લીધું છે.



For Private And Personal Use Only



# જો સુખ જોઇતું હોય તો....

स्वकर्मतः सुख दुःखं,
सत्कर्मैव सुखप्रदम् ।
तस्मात् सुखार्थी दुष्कर्म,
त्यक्त्वा सत्कर्म भाग भवेत् ॥

卐

☒ સુખ–દુઃખ પોતાનાં કર્મથી જ છે અને સત્કર્મથી જ સુખની પ્રાપ્તિ છે, માટે માણસે દુર્વર્તન ત્યજી સદ્‌વર્તની થવું ઘટે–જો તેને સુખ જોઇતું હોય તો.

卐

☒ Happiness and misery rest with one's own actions, and good action alone is the giver of happiness. So persons having abandoned bad actions, should incessantly adhere to good conduct if they long for hapiness.

પ્રતિ,



From,
શ્રી આત્માન...
C/o. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર